નાના વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાની માંગ ઉઠી

વાપીના ગુંજનમાં દબાણો ઉપર નોટિફાઈડનું બુલડોઝર ફર્યું

વાપી : વાપીના ગુંજન વિસ્તારમાં અનેક નાના-મોટા છૂટક વેચાણકર્તાઓ રોજીરોટી રળવા માટે આવે છે. આ વિસ્તારના બજારોમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓની ખરીદી માટે અવારનવાર ગ્રાહકોની ભારે ભીડ ઉમટતી હોય છે. અહીં ફળ, ખાણીપીણીની લારીઓ અને પડાવો નાંખીને વેચાણ કરનારાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. દિવસે જ નહીં, પરંતુ રાત્રીના સમયે અને તહેવારો દરમિયાન પણ ખરીદી માટે લોકોની મોટી ભીડ જામતી હોવાથી અવરજવરમાં ભારે મુશ્કેલી પડે છે. આ ગંભીર સમસ્યાને ધ્યાનમાં રાખીને, વાપી નોટિફાઇડ ટીમ દ્વારા બુધવારના રોજ ગુંજન વિસ્તારમાં કડક દબાણ હટાવો ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન જ્યાં-ત્યાં નાંખવામાં આવેલા નાના પડાવો અને મંડપો પર બુલડોઝર ફેરવીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી.

વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઇએ

બીજી બાજુ, ગુંજન વિસ્તારનું આ બજાર સ્થાનિક નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે, કારણ કે અહીં સહેલાઈથી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ અને ખાણીપીણીની સામગ્રી મળી રહે છે. આ પરિસ્થિતિને જોતાં, નાના છૂટક વેચાણકર્તાઓ માટે કોઈ અલગ જગ્યા ફાળવી આપવામાં આવે તે અત્યંત જરૂરી છે. જો વહીવટી તંત્ર દ્વારા યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે, તો વેપારીઓની રોજીરોટી પણ સુરક્ષિત રહેશે અને ગ્રાહકોને પણ હાલાકીનો સામનો કરવો પડશે નહીં.

ગુંજનમાં ટ્રાફિક વધારે રહેવાના મુખ્ય કારણો

- **GIDC તરફનો ઔદ્યોગિક ટ્રાફિક:** ગુંજન વિસ્તાર Vapi GIDCની નજીક હોવાથી કામદારોની બે-વ્હીલર, કાર, બસ તેમજ માલવાહક વાહનોની અવરજવર રહે છે.
- **મુખ્ય જંક્શન:** ગુંજન ચાર રસ્તો શહેરના વિવિધ વિસ્તારોને જોડતો જંક્શન હોવાથી વાહનોનું ક્રોસિંગ વધારે છે.
- **દુકાનો અને બજાર:** ગુંજન વિસ્તારમાં માર્કેટ અને વ્યાવસાયિક પ્રવૃત્તિ હોવાથી રસ્તાની બાજુ પાર્કિંગ અને રિક્ષા/માલ ઉતારવાની પ્રવૃત્તિ ટ્રાફિકની ગતિ ધીમી કરી શકે છે. સ્થાનિક સમીક્ષાઓમાં પણ Gunjan Circleને "almost busy" તરીકે વર્ણવવામાં આવ્યું છે.
- **જાહેર પરિવહન:** ગુંજન ચાર રસ્તો સ્કૂલ બસ સહિતના બસ રૂટમાં આવે છે, જેના કારણે પીક અવર્સમાં વાહનોની સંખ્યા વધે છે.
- **NH-48નો પરોક્ષ પ્રભાવ:** વાપી વિસ્તાર NH-48 સાથે જોડાયેલો હોવાથી હાઈવે પર ભારે વાહનોની અવરજવર અને ડાયવર્ઝનનો સ્થાનિક ટ્રાફિક પર પણ અસર થાય છે. NH-48ના વલસાડ જિલ્લાના ભાગોમાં ટ્રાફિક અને ભારે વાહનો અંગે સમસ્યાઓ નોંધાઈ છે.
- **વાપી નોટિફાઇડ વિસ્તારમાં આવેલા** ગુંજન ચોકી પાસે જાહેર જગ્યા પર ઉભા કરાયેલા ગેરકાયદે દબાણો સામે તંત્રએ બુધવારે કડક કાર્યવાહી કરી હતી. દુકાનદારોએ જાહેર રસ્તા પર પતરાના શેડ બનાવી સામાન રાખતા ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી. આથી નોટિફાઇડની ટીમે ઘટનાસ્થળે JCB સાથે પહોંચી તમામ દબાણો તોડી પાડવાની ઝુંબેશ શરૂ કરી હતી, જેના કારણે દબાણકર્તાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો.

આહવામાં વનકર્મીઓ પર હુમલો કરનારા 6 આરોપીને 29 માસની કેદ

ભવાનદગડ બીટમાં સરકારી કામગીરી દરમિયાન થયેલી ઘટનામાં અદાલતે દોષિતોને દંડ પણ ફટકાર્યો

સાપુતારા : ડાંગ જિલ્લાના ઉત્તર ડાંગ વન વિભાગ હેઠળ આવતા પશ્ચિમ રેન્જનાં આહવા રાઉન્ડના ભવાનદગડ બીટ વિસ્તારમાં વનકર્મીઓ પર હુમલો કરી, ઈજાઓ પહોંચાડી કામગીરીમાં રુકાવટ ઊભી કરવાના ગુનામાં આહવા કોર્ટે તમામ ૬ આરોપીઓને દોષિત ઠેરવી ૨૯ માસની કેદની સજા તેમજ રૂપિયા ૯,૬૦૦ના દંડનો હુકમ સંભળાવ્યો છે. વનવિભાગના કર્મચારીઓ જ્યારે ભવાનદગડ બીટમાં ચેકિંગની સરકારી કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન ધૂળચોંડના ૧. જીગ્નેશ ગણપતભાઈ ખુરકુટીયા ૨. ઉમેશ ગણપત ખુરકુટીયા ૩. રાજુ ગણપત ખુરકુટીયા ૪. મનુભાઈ ઝીમન ગવળી ૫. જયલું શુકર ગાંવિત અને ૬. કમુબેન મનુભાઈ ગવળી તથા અન્ય બે ઈસમોએ વનકર્મીઓ પર હુમલો કરી સરકારી ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી. આ બનાવ અંગે પશ્ચિમ રેંજ વનવિભાગ દ્વારા સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધાવવામાં આવ્યો હતો. પોલીસ તપાસ બાદ આ કેસ આહવા ખાતેની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (J.M.F.C.) કોર્ટમાં ચાલ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન આહવા કોર્ટના જજ વાય. પી. યાદવે રજૂ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ અને પક્ષકારોની દલીલોને ધ્યાને રાખીને તમામ ૬ આરોપીઓને તકસીરવાન ઠેરવ્યા હતા. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ સુરેશ કોંકણીએ દલીલો રજૂ કરી આરોપીઓને કડકમાં કડક સજા થાય તે માટે રજૂઆત કરી હતી. તમામ દલીલો અને પુરાવાઓને આધીન રહીને અદાલતે તમામ ૬ દોષિતોને ૨૯ માસની સખત કેદની સજા અને રૂપિયા ૯,૬૦૦ નો દંડ ફટકારતો આદેશ કર્યો છે.

વાડામાં તબેલો દૂર કરવા મુદ્દે બંને પક્ષોના અલગ દાવા

માલિકે અગાઉથી જાણ ન કર્યાનો આક્ષેપ કર્યો, જ્યારે પંચાયતે ચાર નોટિસ આપ્યા બાદ TDOના હુકમ મુજબ કાર્યવાહી કર્યાનું જણાવ્યું

નવસારી : વાડા ગામમાં રસ્તો પહોળો કરવાની કામગીરી દરમિયાન તબેલો દૂર કરવાના મુદ્દે ચર્ચા ઊભી થઈ છે. તબેલાના માલિક ચંપાબેન પટેલ તરફથી અગાઉથી જાણ કર્યા વિના કાર્યવાહી કરવામાં આવી હોવાની રજૂઆત કરવામાં આવી હતી. દરમિયાન ગામ પંચાયતના સભ્ય દ્વારા સમગ્ર મામલે અલગ વિગતો રજૂ કરવામાં આવી છે.

પંચાયત સભ્યના જણાવ્યા મુજબ, સંબંધિત દબાણ અંગે ચંપાબેન પટેલને અગાઉથી ચાર નોટિસ આપવામાં આવી હતી અને જરૂરી પુરાવા તથા જવાબ રજૂ કરવા જણાવાયું હતું. જોકે, નોટિસ બાદ પણ કોઈ જવાબ કે પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હોવાનું સભ્યે જણાવ્યું હતું. ત્યારબાદ મામલો તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

સભ્યના જણાવ્યા પ્રમાણે, TDOના હુકમ બાદ પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. તેથી કાર્યવાહી અંગે બંને પક્ષોની રજૂઆતમાં તફાવત જોવા મળી રહ્યો છે. હવે સમગ્ર મામલામાં આપવામાં આવેલી ચાર નોટિસ, તેમાં જણાવાયેલી વિગતો અને TDOના હુકમને ધ્યાનમાં લેવામાં આવે તો ઘટનાની વાસ્તવિક સ્થિતિ વધુ સ્પષ્ટ થઈ શકે છે. બીજી તરફ, તબેલો કઈ હદમાં આવતો હતો અને રસ્તા પહોળો કરવાની કામગીરી અંતર્ગત કઈ પ્રક્રિયા અપનાવવામાં આવી હતી તે પણ મહત્વનું બની રહ્યું છે.

હાલ આ મુદ્દે ગામમાં ચર્ચા ચાલી રહી છે. બંને પક્ષોની રજૂઆત સાથે સત્તાવાર દસ્તાવેજો અને તંત્રની વિગતો સામે આવ્યા બાદ સમગ્ર મામલે વધુ સ્પષ્ટતા થઈ શકશે.

વેરા નહીં તો આકારણી રદ સહિતની કાર્યવાહી થશે

નવસારી મનપાની નોટિસ, વોર્ડ ૧થી ૧૩ના મિલકતધારકોને ૧૦ દિવસની મહેતલ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વેરા વિભાગે શહેરમાં લાંબા સમયથી બાકી રહેલા મિલકત વેરાની વસૂલાતને લઈને જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી છે. ખાસ કરીને વોર્ડ નં. ૧થી ૧૩માં આવેલી જર્જરિત, ખંડેર અથવા બિનઉપયોગી મિલકતોના બાકી વેરા મામલે સંબંધિત મિલકતધારકોને નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસની અંદર બાકી મિલકત વેરા તથા લાગુ પડતી અન્ય રકમ ભરપાઈ કરવા જણાવાયું છે.

મહાનગરપાલિકાએ સ્પષ્ટતા કરી છે કે નિયત સમયમર્યાદામાં વેરાની ચૂકવણી નહીં કરવામાં આવે તો લાગુ નિયમો અને જોગવાઈઓ મુજબ સંબંધિત મિલકતની આકારણી રદ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ શકે છે. જરૂરી જણાય તો મિલકત પર વધારાનો વેરો લાદવાની કાર્યવાહી પણ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત બાકી વેરાની વસૂલાત માટે મહાનગરપાલિકા દ્વારા નિયમોનુસાર જરૂરી પગલાં લેવામાં આવશે અને તે અંગેની જવાબદારી સંબંધિત મિલકતધારકની રહેશે. વેરા વિભાગે વોર્ડ નં. ૧થી ૧૩ના મિલકતધારકોને કોઈપણ પ્રકારની કાર્યવાહી ટાળવા માટે નક્કી કરેલી ૧૦ દિવસની મુદતમાં બાકી વેરો ચૂકવી દેવા અપીલ કરી છે. મહાનગરપાલિકાની આ નોટિસથી શહેરની જર્જરિત તથા બિનઉપયોગી મિલકતોના બાકી વેરાની વસૂલાતને લઈને હવે મિલકતધારકોમાં પણ સતર્કતા વધે તેવી શક્યતા છે.

બિઝનેસ લોન મળવાની લાલચમાં ઉદ્યોગપતિએ ૪ લાખ ગુમાવ્યા

કબીલપોર GIDCના વેપારીને 'કેપિટલ વન ફાયનાન્સ'ના નામે ફસાવ્યા

રીતીકા અને બલજીન્દર સિંઘ સામે સાયબર પોલીસમાં ગુનો નોંધાયો

નવસારી : મોટી બિઝનેસ લોન મેળવવાની જરૂરિયાત ધરાવતા નવસારીના ઉદ્યોગપતિને સાયબર ઠગોએ એવી રીતે જાળમાં ફસાવ્યો કે રૂપિયા ૮૦ લાખની લોનની આશામાં વેપારીએ રૂપિયા ૪,૦૦,૪૯૦ ગુમાવવાનો વારો આવ્યો. કબીલપોર જી.આઈ.ડી.સી.માં 'હબીબ એન્ટરપ્રાઈઝ' ધરાવતા હબીબભાઈ ગોધરાવાલા સાથે બનેલી આ ઘટનામાં નવસારી સાયબર ક્રાઇમ પોલીસે રીતીકા અને બલજીન્દર સિંઘ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, વેપારી વિદેશમાં હતા ત્યારે 'કેપિટલ વન ફાયનાન્સ'ના નામે રીતીકા નામની યુવતીએ પૈસાબજાર પોર્ટલ પર કરેલી લોનની પૂછપરછના આધારે સંપર્ક કર્યો હતો. બાદમાં બલજીન્દર સિંઘે સંપર્ક કરી રૂપિયા ૮૦ લાખની લોન ઝડપથી મંજૂર કરાવવાની ખાતરી આપી હતી.

વિશ્વાસ કેળવ્યા બાદ વોટ્સએપ મારફતે વેપારી તથા ભાગીદારોના પાનકાર્ડ, ઓળખકાર્ડ, આઈટી રિટર્ન અને ઉદ્યમ સર્ટિફિકેટ જેવા દસ્તાવેજો મેળવી લેવાયા હતા. ત્યારબાદ ઠગાઈનો અસલ ખેલ શરૂ થયો હતો. લોનની પ્રક્રિયાના નામે રજિસ્ટ્રેશન ફી, ઈન્સ્યોરન્સ, ઈ-નેચ મેન્ડેટ ફી, જીએસટી, એન્ડોર્સમેન્ટ ચાર્જ, કમિશન અને પેનલ્ટી જેવા જુદા જુદા બહાના બતાવી તબક્કાવાર નાણાં પડાવવામાં આવ્યા હતા.

વેપારીએ કુલ રૂપિયા ૪,૦૦,૪૯૦ એક્સિસ બેંકના ખાતામાં ટ્રાન્સફર કર્યા છતાં લોનની રકમ મળી નહીં. વધુ નાણાંની માંગણી થતાં શંકા જતા છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. વેપારીએ તાત્કાલિક ૧૯૩૦ પર સંપર્ક કર્યો અને સાયબર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. હવે પોલીસ બેંક ખાતું, નાણાંની હિલચાલ, મોબાઇલ-વોટ્સએપ સંપર્કો તથા આ કૌભાંડ પાછળ અન્ય લોકોનું નેટવર્ક છે કે નહીં તેની તપાસ કરી રહી છે.

ચેક બાઉન્સ કેસમાં સંડોવાયેલા ઉમેદવારને લઈને રાજકીય ચર્ચાએ જોર પકડ્યું

ચીખલી APMC ચૂંટણીમાં વેપારી વિભાગની ચાર બેઠકો બિનહરીફ

ખેડૂત વિભાગની 10 બેઠકો માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે જંગ જામશે

ઉમેદવારી પત્રકો પરત ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થતાં 20 ઉમેદવારો મેદાનમાં

ધેજ : ચીખલી એપીએમસીની ચૂંટણીમાં ઉમેદવારી પત્રકો ખેંચવાના દિવસે ચિત્ર સ્પષ્ટ થતા વેપારી વિભાગની ચાર બેઠકો બિનહરીફ થવા સાથે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ભાજપ અને કોંગ્રેસ સમર્પિત પેનલમાંથી સાત જેટલાએ ઉમેદવારી પરત ખેંચી લેતા ૨૦ જેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ આગામી ૯ સપ્ટેમ્બરના રોજ યોજાનારી એપીએમસીની ચૂંટણીમાં આજે ઉમેદવારી પત્રક પરત ખેંચવાના દિવસે વેપારી વિભાગની ચાર બેઠકોમાં પાંચ પૈકી એકે ઉમેદવારી પરત ખેંચતા ભરત અગ્રવાલ, નરેન્દ્ર નાયક, અંકિત પટેલ તથા ઝકીરહુસેન શેખ વ્યવસ્થાપક સમિતિના સભ્ય પદે બિનહરીફ જાહેર થશે. જ્યારે ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ૩૦ જેટલી સહકારી મંડળીઓના ૩૬૮ જેટલા મતદારો છે. જેમાં ભાજપ અને કોંગ્રેસ સમર્પિત પેનલના મળી કુલ ૨૭ જેટલા ઉમેદવારી પત્રકો ભરાયા હતા. જેમાં સાત જેટલાએ ઉમેદવારી પરત ખેંચી લેતા હવે આ ૧૦ બેઠકો માટે ૨૦ જેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં ભાજપ સમર્પિત પેનલમાં ઠાકોર આહિર ખેરગામ, જીગર ગાંવિત રૂમલા, પરિમલ દેસાઈ દેગામ, કિશોર પટેલ સાદકપોર, જીતેન્દ્ર પટેલ ટાંકલ, ભરત પટેલ ધેજ, સુનિલ પટેલ ધેકટી, હરિકૃષ્ણ પટેલ દોણજા, હિતેન પટેલ રાનકુવા તથા જયસિંહ પરમાર કુકેરીનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ સમર્પિત પેનલમાં ભાવિન પટેલ વંકાલ, આનંદકુમાર પટેલ ટાંકલ, ઈશ્વરભાઈ પટેલ સોલધરા, નરેન્દ્રભાઈ રાનકુવા, ઈશ્વરભાઈ પટેલ આછવણી, રણધીરભાઇ પટેલ ટાંકલ, રામુભાઇ સાદડવેલ, શશીનભાઈ ખેરગામ, સંજય પટેલ આમધરા, મહેન્દ્રસિંહ સોલંકી આછવણીનો સમાવેશ થાય છે.

સત્તાધારી ભાજપ સમર્પિત પેનલમાં ધેજ મંડળીના ચેરમેન ભરત પટેલ કે જેઓ ગુજકોમાશોલને ખાતરના પેમેન્ટ માટે આપેલા ૧.૦૪ કરોડ રૂપિયાના ચેક બાઉન્સમાં સંડોવાયેલા હોય જેના સમગ્ર તાલુકામાં ઘેરા પ્રત્યાઘાતો પડવા સાથે ચૂંટણી જીતવા ભાજપ કેટલા નીચલા સ્તરે જઈ શકે તેવી ચર્ચા સાથે ભારે ટીકાઓ થઈ રહી છે.

ઉનાઈમાં રામજી મંદિરના નિર્માણ માટે રૂપિયા 5.03 કરોડ મંજૂર

મંદિર પરિસરમાં ભોજનાલય, લાયબ્રેરી અને કલ્ચર હોલ સહિતના આધુનિક વિકાસ કાર્યો થશે

વાંસદા : ઉનાઈ ખાતે મંદિર પરિસરમાં આવેલા અને આદિવાસીઓમાં આસ્થાનું કેન્દ્ર તથા દક્ષિણ ગુજરાતના સુપ્રસિધ્ધ મૂછવાળા રામજી મન્દિરના નિર્માણ કાર્યને લઈ સાંસદ ધવલ પટેલની રજુઆતના પગલે ગુજરાત સરકાર દ્વારા 5.03 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવતા રામ ભક્તોની અઢી વર્ષની આતુરતાનો અંત આવશે

વાંસદા તાલુકાના ઉનાઈ ખાતે ઉનાઈ માતાજી મંદિર પરિસરમાં આવેલા એકમાત્ર ઐતિહાસિક મૂછવાળા રામજી મંદિર નિર્માણ કાર્યને લઈ રામભક્તોમાં નિરાશા વ્યાપી હતી, રામજી મંદિર જર્જરિત હોવાને લઈ અઢી વર્ષ પહેલા રામજી મંદિરના નિર્માણકાર્ય માટે પ્રવાસનધામ દ્વારા 1.78 કરોડની ગ્રાન્ટ મંજુર કરી મુખ્યમંત્રી દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, પરંતુ નિર્માણકાર્ય શરૂ ન થતા રામભક્તો દ્વારા આ બાબતે રજુઆતો કરવામાં આવી હતી જેને લઈ વહીવટી તંત્ર દ્વારા આ બાબતે ખુલાસો કરવામાં આવ્યો કે ભવ્ય મંદિર નિર્માણ માટે 1.78 કરોડની ગ્રાન્ટ ઓછી હોવાને લઈ વહીવટી તંત્ર દ્વારા પ્રવાસન ધામ પાસે મોટી ગ્રાન્ટની માંગણી કરવામાં આવી રહી હોવાને લઈ નિર્માણકાર્યને વિલંબ થઈ રહ્યો હતો. જોકે આ મુદ્દે વલસાડ - ડાંગના સાંસદ ધવલ પટેલે ગુજરાત સરકાર સમક્ષ આ મુદ્દાને ગંભીરતાથી લઈ રાજ્યના મુખ્યમંત્રી સાથે ચર્ચા વિચારણા કરતા સરકાર દ્વારા 5.03 કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી છે. આ વિકાસકાર્ય અને નિર્માણકાર્યમાં ભવ્ય રામજી મંદિર અને રામજી મંદિરના પરિસરમાં પ્રદક્ષિણાપથ, ભવ્ય ઈંટ્રેન્સ ગેટ, લેન્ડસ્કેપિંગ, કંપાઉન્ડ વોલ, કલચર હોલ, ભોજનાલય સાથે સાથે લાયબેરીનું પણ નિર્માણ થશે.

સમરોલી દબાણ મામલે વિવાદ સર્જાતા મામલતદાર અને પોલીસ કાફલો મેદાને

ધેજ : ચીખલીમાં હાઈવે ઓથોરિટી દ્વારા દબાણ હટાવવાની કામગીરી વચ્ચે સમરોલીમાં ઓવરબ્રિજના છેડે વિવાદ સર્જાતા મામલતદાર હિરેન મૈસૂરિયા, નાયબ મામલતદાર વિજય રબારી સહિતના અધિકારીઓ સ્થળ પર ધસી ગયા હતા અને પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ ટ્રાફીક વ્યવસ્થા ન ખોરવાઈ તે માટે ઓવરબ્રિજ ચાર રસ્તા પાસેથી ડાયવર્ઝન આપવામાં આવ્યુ હતુ.

બેરોજગારી યુવાનોમાં રોજગારલક્ષી તાલીમની વધતી માંગ ઉજાગર થઈ

60 બેઠક, 1,000 દાવેદાર! 11 સપ્ટેમ્બરે 'ફાઈનલ'

નવસારી મનપામાં એપ્રેન્ટિસની જગ્યા માટે ૧,૦૦૦ અરજીઓ આવતા એક બેઠક પર ૧૬થી વધુ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા

મનપા કચેરી ખાતે લાયક ઉમેદવારોના ઇન્ટરવ્યૂ અને દસ્તાવેજોની ચકાસણી હાથ ધરાશે

નવસારીઃ નવસારી મહાનગરપાલિકામાં એપ્રેન્ટિસ બનવાની તક મેળવવા માટે યુવાનોમાં જાણે હરીફાઈ જામી છે. મનપા દ્વારા જાહેર કરાયેલી માત્ર 60 જગ્યાઓ માટે 1,000 અરજીઓ આવી છે. એટલે કે એક બેઠક મેળવવા માટે સરેરાશ 16થી વધુ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા થવાની છે. 21 ઓગસ્ટ સુધી અરજીઓ સ્વીકારાયા બાદ હવે પસંદગી પ્રક્રિયા નિર્ણાયક તબક્કામાં પહોંચી છે.

ભરતીમાં ગ્રેજ્યુએટ અને નોન-ગ્રેજ્યુએટ એમ બે કેટેગરી

રાખવામાં આવી છે. સ્નાતક ઉમેદવારો ઉપરાંત ધોરણ 9થી 12 પાસ, ITI અને ડિપ્લોમા લાયકાત ધરાવતા યુવાનોએ પણ મોટી સંખ્યામાં અરજી કરી છે. પસંદગી પામનાર ઉમેદવારોને નિયમ મુજબ માસિક સ્ટાઈપેન્ડ સાથે વ્યવહારુ તાલીમ મેળવવાની તક મળશે.

હવે તમામની નજર 11 સપ્ટેમ્બર પર છે. આ દિવસે મહાનગરપાલિકા કચેરી ખાતે લાયક ઉમેદવારોના ઇન્ટરવ્યૂ સાથે દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારોને ઈ-મેઈલ અને મોબાઈલ નંબર મારફતે જરૂરી સૂચનાઓ મોકલવામાં આવી રહી છે. ઇન્ટરવ્યૂ વખતે ઓનલાઈન અરજી ફોર્મની પ્રિન્ટ, અસલ શૈક્ષણિક પ્રમાણપત્રો, ઓળખનો પુરાવો અને સ્વ-પ્રમાણિત નકલો રજૂ કરવી ફરજિયાત રહેશે.

એપ્રેન્ટિસશિપ પોર્ટલ પર રજિસ્ટ્રેશન અને e-KYC પૂર્ણ કરનારા ઉમેદવારોની જ દસ્તાવેજ ચકાસણી થશે. અગાઉ એપ્રેન્ટિસશિપ કરી ચૂકેલા અથવા હાલમાં એપ્રેન્ટિસ તરીકે કરારબદ્ધ ઉમેદવારો નિયમ મુજબ અપાત્ર ગણાશે. લાયકાત અને મેરિટના આધારે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે તથા જરૂરિયાત મુજબ વેઈટિંગ લિસ્ટ પણ જાહેર કરાશે.

મહાનગરપાલિકાની 60 બેઠકો માટે આવેલી 1,000 અરજીઓએ સ્થાનિક યુવાનોમાં રોજગારલક્ષી તાલીમની વધતી માંગને ઉજાગર કરી છે. હવે 11 સપ્ટેમ્બરે નક્કી થશે કે આ 1,000 દાવેદારોમાંથી તાલીમની 60 બેઠકો કોના ભાગે આવે છે.